## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ.. અમારી ગર્લ્સ સ્કુલની ચિંતા ન કરો... અમારા સ્ટાફ અને વિદ્યાર્થિનીઓ બંને માટે આવો ડ્રેસ કોડ રાખ્યો છે... ઉપરાંત વચ્ચે ગ્રીલ પણ નંખાવશું જેથી અમારો સ્ટાફ અને વિદ્યાર્થિની બન્ને સુરક્ષિત...!!

# મહાનગરપાલિકામાં જન્મના દાખલા માટે ધરમધક્કા

## ડિસ્ચાર્જ કાર્ડ લઈને આવો : મનપા, જન્મનું પ્રમાણપત્ર આપવાનું કામ મનપાનું છે, અમે વિગત મોકલી આપી છે : સિવિલ તંત્ર

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જન્મેલ બાળકે જાણે કોઈ ગુનો કર્યો હોય તેવું લાગી રહ્યું છે. બાળકના જન્મના પ્રમાણપત્ર માટે માતા-પિતાને મનપાના કર્મચારીઓ ડિસ્ચાર્જ કાર્ડ લઈને આવો તેમ કહીને સિવિલમાં ધકકા ખવડાવે છે. જયારે સિવિલ તંત્ર જન્મનું ફોર્મ ભરીને મનપામાં મોકલાવી દીધુ છે અને પ્રમાણપત્ર આપવાનું કામ મનપાનું છે. આ બંન્ને તંત્ર વચ્ચે બાળકના પરિવારજનો આમથી તેમ ફંગોળાય છે અને ના છુટકે કંટાળી પ્રમાણપત્ર વિના ઘરે પાછા ફરે છે. ડિસ્ચાર્જ ખોવાઈ ગયું હોય તેવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ તે કોઈ કહેતું નથી. અત્યારે હાલના સમયે તો જિલ્લામાં આવા અઢળક બાળકો છે જેમના માતાપિતા રોજ મનપા તેમજ સિવિલના ચકકર કાંપે છે કે આજે મારા દિકરા કે દિકરીનું જન્મનું પ્રમાણપત્ર આવશે તેમ સમજીને. જયારે મનપાને સિવિલના ડિસ્ચાર્જની શું જરુર છે તેમ પ્રમાણપત્ર લેવા આવનાર કહે છે. તેના સિવાય અન્ય માર્ગ અપનાવી જરુરી એફીડેવીટ કરાવે તો કામ સરળ બની શકે છે. જન્મ-મરણની નોંધણીનું કામ મનપાનું છે. સિવિલ હોસ્પિટલ તરફથી જન્મનું પ્રમાણપત્ર આપવામાં આવતું નથી પરંતુ બાળકના જન્મના માત્ર ૭ દિવસમાં મહાનગર પાલિકામાં ગુલાબી કલરનું ફોર્મ ભરીને આપવામાં આવે છે તેમાં જરુરી તમામ વિગતો સામેલ હોય છે. ત્યારબાદ એક મહિનાની અંદર બાળકના જન્મનું પ્રમાણપત્ર પરિવારજનો એ મેળવી લેવાનું રહે છે. પરંતુ કોઈ વ્યકિત લાંબા સમયના અંતરે મનપામાં જન્મનો દાખલો લેવા જાય તો તેની પાસે સિવિલના ડિસ્ચાર્જ કાર્ડની માંગણી કરે છે. પંરુ છાપરા કે ગામડાના નાગરીકો ડિસ્ચાર્જ કાર્ડ સાચવતા નથી હોતા. એટલે બે કે તેથી વધુ સમયના જન્મના દાખલામાં મનપાના કર્મીઓ ડિસ્ચાર્જનો ખોટો આગ્રહ રાખે છે. ખરેખર તેમના ત્યાં સિવિલમાંથી ગુલાબી કલરના ફોર્મની વિગત પરથી જન્મનો દાખલો નીકાળવાનો હોય છે. પરંતુ સિવિલ અને મનપા વચ્ચે બાળકના જન્મના દાખલા વચ્ચે માતા-પિતા ધક્કા ખાઈ રહ્યા છે. ડિસ્ચાર્જ અંગે તંત્ર દ્વારા યોગ્ય નિવેડો લાવી જન્મનો દાખલો ઝડપી મળે તેવું બાળકના માતા-પિતા ઈચ્છી રહ્યા છે.



ગાંધીનગરની પતંજલિ યોગ સમિતિના યોગ શિક્ષક આર.આઈ. પંડયા છેલ્લા ૧ વર્ષથી યોગ અને પ્રાણાયામની નિયમિતપણે સેકટર-૩-ન્યુના બગીચા ખાતે તાલીમ આપી રહ્યા છે જેનો નગરજનો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

# યોગ દિનમાં ભાજપના તમામ કાર્યકરો જોડાશે

ગાંધીનગર, તા.૨૦

ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, આવતીકાલે તે. ૨૧ જુને સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થનાર છે. આવતીકાલે પ્રદેશ ભાજપાના સમગ્ર રાજયનાં કાર્યકર્તાઓને પોતાના સ્થાનિક ક્ષેત્રમાં સરકાર, સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આયોજી યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં સહભાગી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતના વડપ્રધાન નરેન્દ્ર મોદીની યોગ દિવસ ઉજવવાના આહવાનને ગત વર્ષે સમગ્ર વિશ્વ દેશોએ સહર્ષ આવકારી યુનો દ્વારા ૨૧મી જુને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવાનો નિર્ણય કર્યો હતો.

આપણી આ યોગ સંસ્કૃતિને ગત વર્ષે એક કરોડથી વધુ લોકોએ જોડાઈ સ્વસ્થ સમાજના નિર્માણના સંદેશાને સમગ્ર રાજયમાં પ્રસરાવ્યો હતો. આ વર્ષે ગત વર્ષે કરતા પણ વધુ લોકો સામુહિક યોગના કાર્યક્રમમાં જોડાશે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર જિલ્લા પંચાયતના શાખાધિકારીઓ આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સમીક્ષા બેઠક યોજી છે.
- વન વિભાગે કરેલા એક પરિપત્રમાં જે અધિકારી વૃક્ષ વાવે તેની જાળવણી કરવાની જવાબદારી તે અધિકારીની જ રહેશે તેવા આદેશો જારી કર્યા છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં મચ્છરોની ઉત્પત્તિનું સાનુકૂળ વાતાવરણ બનતાં જ તંત્રના અધિકારીઓ કામે લાગ્યા છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી અને કોર્ટ કેમ્પસની વચ્ચેની ખુલ્લી જગ્યામાં આજે જમીનના મામલે બે મહિલાઓ વચ્ચે ખુલ્લા હાથની મારામારીના દશ્યો સર્જાયા હતા.
- સચિવાલયમાં નાયબ સચિવોની નિયમિત નિમણુંકના તેમજ ૩૦થી વધુ આ જ સંવર્ગના અન્ય સંવર્ગના અધિકારીઓની બદલીના હૂકમો પછી આજે નવા હોદ્દાનો ચાર્જ સંભાળવામાં અધિકારીઓ વ્યસ્ત બન્યા હતા.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ૨૭મીએ જીવનનો એકસ રે વિષય પર જાહેર વ્યાખ્યાન બ્રહ્માકુમારી શિવાનીનું યોજાયું છે.
- વન ડે ગર્વનન્સ હેઠળ જે પ્રમાણપત્રો તેજ દિવસે આપવાના હોય છે. તેમાં થતા વિલંબને લઈ આજે કેટલાક ગ્રામીણ આગેવાનો જિલ્લા વિકાસ અધિકારીને મળ્યા હતા.

# શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે ફ્રી સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૦

યુપીએસસી અને જીપીએસસી સ્પર્ધાત્મક પરીક્ષા માટેના સર્વ જ્ઞાતિના ઉમેદાવારો માટે ફ્રી સેમીનાર અને સરકારી નોકરી તમે પણ મેળવી શકો પુસ્તકનો વિમોચન સમારોહ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સેકટર-૧૭ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં પ્રજાપતિ સમાજના ભાઈ-બહેનો તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા યુવક-યુવતિઓ હાજર રહ્યા હતા.

સેકટર-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે આયોજીત સેમીનારમાં આમત્રિત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહેમાનોના હસ્તે શ્રી રામ પ્રજાપતિ સંપાદિત સરકારી નોકરી તમે પણ મેળવી શકો પુસ્તકનો વિમોચન સમારોહ યોજાયો હતો. યુપીએસસી અને જીપીએસસી પરિક્ષાની તૈયારી કરતા ઉમેદવારોને આગેવાન મહેમાનોએ સવિસ્તાર શૈક્ષણિક માહિતી અને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

# સે-૧૬ પોસ્ટ ઓફિસમાં એજન્ટોને અગ્રીમતા અપાતાં વસાહતીઓમાં રોષ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી પોસ્ટ ઓફિસોનું તંત્ર ખાડે ગયું હોય તેવું લાગી રહ્યું છે. નાગરીકો પોસ્ટ ઓફિસના ધક્કા ખાઈને કંટાળી જાય છે. પોસ્ટ ઓફિસમાં હાજર કર્મીઓ દ્વારા એજન્ટોને અગીમતા તેમજ પોસ્ટના ગ્રાહકોને ઉડાઉ જવાબ આપવામાં આવે છે. નાગરીકોના પોસ્ટને લઈ વર્ષોથી પડી રહેલા પડતર પ્રશ્નોને અનુલક્ષી સેકટર - ૧૪ ના નાગરીકે સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટને લેખિતમાં ફરિયાદ કરી છે. જેમાં ગ્રાહકોની મુશ્કેલીઓ ઝડપી દુર કરવા રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરની સેકટર-૧૬ પોસ્ટ ઓફિસમાં ચાલતા ગેરવહીવટ અને ગ્રાહકોને પડતી અવારનવાર પડતી મુશ્કેલીઓ દુર કરવા સેકટર-૧૪ના રહીશ જી.બી પટેલે સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટને લેખિત રજુઆત કરી છે. જેમાં એજન્ટોની ૧૦૦થી વધુ બુક પાછલા બારણે લઈ લેવામાં આવે છે જેથી અન્ય ગ્રાહકોને સ્ટાફના માણસો કામમાં છીએ તેવુ કહીને બેસાડી રાખે છે. પાકતી મુદતોની રકમ રોકડમાં અથવા ચેક દ્વારા એજન્ટોને ચુકવણી કરાય છે. જયારે ગ્રાહકને જાતે હાજર રહેવાની ફરજ પડાય છે. સિનિયર સિટીઝન અશકત હોવાથી તેમના સ્થાને તેમના પરિવારમાંથી કોઈ સંબંધી જાય તો પણ રોકડ તો ઠીક પણ ચેક પણ આપવામાં આવતો નથી. નિયમિત ગ્રાહકોને પણ આ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સર્વર બંધ ના બહાના નીકાળીને સ્ટાફના માણસો ધક્કા ખવડાવે છે. જેથી ગ્રાહકને પાકતી મુદતે નાણા ન મળતા વ્યાજમાં નુકસાન જાય છે. જયારે બચત કાઉન્ટર પર જે કર્મચારી બેસે છે તેમની કામગીરી અત્યંત ધીમી છે. જેને પગલે ગ્રાહકોની લાંબી કતારો લાગે છે. કેન્દ્ર સરકાર પોસ્ટ વિભાગને બેંકનો દરજજો આપવા જઈ રહી છે ત્યારે અણઘડ સ્ટાફને લીધે કેન્દ્ર સરકારની યોજના કેટલે અંશે સફળ થશે તે વિચારવું રહ્યું. ડાક અદાલતમાં તમામ પ્રશ્નોનું નિરાકરણ વ્હેલી તકે લાવવા અનુરોધ કરાયો છે.

# સાદરા જક્ષણી માતાના મંદિરે ભાજપ દ્વારા પ્રશિક્ષણવર્ગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ જક્ષણી માતાના મંદિરે ભાજપ દ્વારા ગાંધીનગર તાલુકા તેમજ પેથાપુર શહેર મંડળ પ્રશિક્ષણવર્ગ જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેષભાઈ શાહની હાજરીમાં યોજાયો હતો.સાદરા ખાતે પંડિત દિનદયાલ ઉપાધ્યાય પ્રશિક્ષણ શિબિરમાં જિલ્લા અને તાલુકાના ભાજપના અગ્રણી કોદરભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, સહતિ ગાંધીનગર પૂર્વ વિસ્તારના ભાજપના હોદેદારો, કાર્યકર ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહીને પ્રશિક્ષણ વર્ગમાં જોડાયા હતા.



પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટી આદરજના સબ સેન્ટર વાવોલ ગ્રામ પંચાયત કચેરી ખાતે મેલેરિયા વિરોધી માસ અંતર્ગત દવાયુક્ત મચ્છરદાની વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં દાતા મુકુન્દસિંહ ગોલ તથા સરપંચ કમલેશસિંહ ગોલ તરફથી દાનમાં ૧૦૦ મચ્છરદાની મળેલ. તમામ મચ્છરદાની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા દવાયુક્ત કરી દાતાઓ તથા જિલ્લા સદસ્ય જે.ડી. ચારેલ, જિલ્લા મેલેરિયા અધિકારી, તાલુકા હેલ્થ ઓફીસર, ગાંધીનગર, મેડીકલ ઓફીસર, આદરજ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આદરજની ટીમ અને આશા બહેનોની ઉપસ્થિતિમાં સગર્ભા બહેનોને મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવેલ.

# જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવો પર અંકુશ લાવવા માંગ

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ વધતા ભાવો પર નિયંત્રણ માટે અનુરોધ : ગૃહિણીઓના બજેટ ખોરવાયા : જીવન જરૂરી ચીજવસ્તુઓનું રાહત દરે વિતરણ કરવા સરકાર વ્યવસ્થા ગોઠવે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના જ્યોતિ મહિલા મંડળ દ્વારા રાજ્યમાં શાકભાજી, દૂધ, કઠોળ અને સીંગતેલ જેવા ખાદ્યતેલ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવો આસમાને જતાં ગૃહિણીઓના બજેટ ખોરવાઈ રહ્યા હોવાથી રાજ્ય સરકારને આ ભાવો પર અંકુશ લાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સાથે જ્યોતિ મહિલા મંડળ દ્વારા જિલ્લા કલેક્ટર અને જિલ્લા પુરવઠા અધિકારી સાથે પરામર્શ કરી જીવન જરૂરી ચીજવસ્તુઓ રાહત દરે ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ઉભી કરી તેનુ નિયમન કરવા પણ સૂચન કરવામાં આવ્યું છે.

પાટનગરમાં છેલ્લા બે-ચાર મહિનામાં કઠોળ, તુવેરની દાળ વગેરેના ભાવોમાં અકલ્પનીય વધારો થવા પામ્યો છે. સરેરાશ કઠોળ રૂ. ૮૦ થી રૂ. ૧૦૦ અને તુવેરદાળ, અડદ દાળ, વાલ રૂ. ૧૪૦થી ૧૫૦ સુધીના ઊંચા ભાવે વેચાય છે. આ ઉપરાંત સીંગતેલનો ડબ્બો રૂ. ૨૧૦૦ થી ૨૨૦૦ સુધીના ભાવે વેચાઈ રહ્યો છે. વળી મોટાભાગના શાકભાજી ૧૦૦ થી ૧૨૦ રૂપિયે કિલોના ભાવે અને ટમેટા ૭૦ થી ૮૦ રૂપિયે કિલોના ભાવે પહોંચતા ગૃહિણીઓ માટે અસહ્ય પરિસ્થિતિ પેદા થવા પામી છે. વળી, એમાં દૂધની થેલીના ભાવમાં રૂ. ૨ નો વધારો થતાં દાઝ્યા પર ડામની પરિસ્થિતિ સર્જાઈ છે. ગૃહિણીને ગેસનું જે સરેરાશ બિલ પહેલા આવતુ હતુ તેમાં પણ કેટલાક સમયથી વધારો જણાય છે. પેટ્રોલ-ડિઝલનો ભાવ વધારો પડ્યા પર પાટુ સમાન સાબિત થયો છે. વાહન વ્યવહાર પણ મોંઘો થતા જીવન જરૂીર તમામ ચીજવસ્તુઓના ભાવ આસમાનને આંબ્યા છે. જેથી ગૃહિણીઓ પોતાનું ઘર કઈ રીતે ચલાવવું તે અંગે મુંઝવણમાં મુકાઈ છે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા રાજ્ય સરકારને અપીલ કરવામાં આવી છે કે રોજીંદી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, દૂધ અને પેટ્રોલ-ડિઝલના ભાવ અંકુશમાં લાવવામાં આવે અન્યથા જિલ્લા કલેકટર અને જિલ્લા પુરવઠા અધિકારી સાથે પરામર્શ કરી જીવન જરૂરી ચીજવસ્તુઓ સસ્તા ભાવે અથવા રાહત દરે ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવી તેનું નિયમન કરવામાં આવે. જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી, સેક્રેટરી ચેતના બુચ, નીરૂબેન નાયક, પુષ્પાબેન મહેતા તથા કોકિલાબેન નાયક દ્વારા ભાવોના નિયમન અને રાહત દરે ઉપલબ્ધિ કરાવવા રાજ્ય સરકાર સમક્ષ તીવ્ર માંગણી કરવામાં આવી છે.

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા.૨૦

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા.૧૭ જુલાઈને રવિવારના રોજ સે-૧૬, બ્રહ્મભવન ખાતે બ્રહ્મસમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ૮૦ ટકા, ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓએ ૭૦ ટકા અને કોલેજ, ફેકલ્ટી, ડીગ્રી, ડીપ્લોમાવાળા વિદ્યાર્થીઓએ ૬૦ ટકા ઉપર ગુણ મેળવેલ હોય તેવા સમાજના વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા વિનંતી કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુકોએ સે-૧૬, બ્રહ્મભવન ખાતેથી સવારના ૧૦.૩૦ થી ૧ કલાક અને બપોરના ૪ થી ૭.૩૦ કલાક સુધીમાં ફોર્મ મેળવી લેવાના રહેશે. ફોર્મમાં તમામ વિગતો ભરી તા. ૧૦મી જુલાઈ સુધીમાં પરત કરવાના રહેશે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ જેની બ્રહ્મસમાજના દરેક વિદ્યાર્થી અને વાલીઓએ નોંધ લેવાની રહેશે તેમ સમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે.

# યોગ દિનની પૂર્વ પ્રભાતે બ્રહ્માકુમારીઝની જાગૃતિ રેલી

ગાંધીનગરના સે. ૨૭ ખાતેના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા તા. ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસ નિમિત્તે સુંદર અને વિશાળ યોગ વિષયક રેલીનું



આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીને આજે સવારે ૮ કલાકે વોર્ડ નં. ૧ના કોર્પોરેટર બરખાબેન જહા તથા સે. ૨૭ના બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સંચાલિકા બીકે અંજનાદીદી દ્વારા પ્રસ્થાન કરાવાયું હતુ.

ભારતનો પ્રાચીન રાજયોગ સામાન્ય જન સમુદાય સુધી પહોંચે તેમજ ભારતીય સંસ્કૃતિની દુર્લભ વિરાસત થકી સમગ્ર વિશ્વને સ્વસ્થ જીવન પ્રાપ્ત થાય તે હેતુથી ‘વસુધૈવ કુટુંમ્બકમ્’ ભાવનાથી પ્રેરિત થઈને વડાપ્રધાન રેન્દ્ર મોદીએ વિશ્વ યોગ દિવસની ઉજવણીનું સ્વપ્ન સેવ્યું હતું જે સાકાર થયું છે. આ વર્ષે બીજીવાર સમગ્ર વિશ્વ યોગ દિવસ મનાવવા જઈ રહ્યું છે ત્યારે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સે. ૨૭ના ભાઈ-બહેનોએ વિશાળ યોગ વિષયક રેલી દ્વારા ઉમંગ-ઉત્સાહ સાથે જોડાઈને વડાપ્રધાના પ્રસંશીનીય પ્રયાસને અનુમોદન આપતા આનંદ અનુભવ્યો હતો. આ રેલીમાં જોડાયેલા તમામ શ્રદ્ધાળુઓને બીકે સુનિતાદીદી, શિલ્પાદીદી તથા બ્રહ્માકુમાર કશ્યપભાઈએ યોગના મહત્વ અંગે નગરજનોને સમજણ આપી હતી. આ યોગ વિષયક જાગૃતિ રેલીને નગરજનો તરફથી પ્રોત્સાહક આવકાર પ્રાપ્ત થયો હતો.

## ગાંધીનગર મનપાના વોર્ડ નં - ૪ના કોર્પોરેટર અંકિત બારોટ દ્વારા સેકટર-૨૪માં સફાઈ અભિયાન

ગાંધીનગર, તા. ૨૦

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીનો આજે જન્મદિવસ હોવાથી દેશભરમાં કોંગ્રેસ કાર્યકરોએ અલગ અલગ અંદાજમાં ઉજવ્યો હતો. ગુજરાતમાં પણ કોંગ્રેસના કાર્યકરોએ રાહુલ ગાંધીના જન્મદિને કેક કાપીને ગરીબ બાળકોને મીઠાઈ ખવડાવીને ઉજવણી કરી હતી. ગાંધીનગર મનપાના કોંગ્રેસના કોર્પોરેટર અંકિત બારોટ દ્વારા પણ કોંગ્રેસના ઉપાધ્યક્ષની બર્થ ડે નિમિતે સેકટર-૨૪ વોર્ડ નં- ૪ માં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને અનોખી રીતે રાહુલ ગાંધીના જન્મદિવસની ઉજવણી કરી હતી. કોંગ્રેસના કાર્યકરો તેમજ શહેર એનએસયુઆઈના કાર્યકરો હાજર રહ્યા હતા.




## ચિલોડા વીજ સબ ડિવિઝનમાં એલઈડી બલ્બનું વિતરણ

ઉજાલા ગુજરાત યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા વીજ સબ ડિવિઝન પરથી એલઈડી બલ્બનું વિતરણ કેન્દ્ર શરૂ કરાયું છે. એલઈડી બલ્બ ખરીદવા છેલ્લા લાઈટ બીલની ઓરીજનલ તેમજ ઝેરોક્ષની નકલ તેમજ ફોટો આઈડી હોવું જરુરી છે. પુરાવા સાથે હોય ત્યારે રૂ.૮૫ની કિંમતે હપ્તા પધ્ધતિથી, રોકડથી રૂ. ૮૦માં ૧૦ બલ્બ ખરીદી શકાયછે. આ બલ્બના વિતરણ કેન્દ્ર પરથી આજુબાજુના ગામોના નાગરિકો દ્વારા ખરીદી કરવા સારો પ્રતિભાવ મળી રહ્યો છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## છઠ્ઠા પગાર પંચ મામલે રાજયના બોર્ડ-નિગમના કર્મચારી દિલ્હી ખાતેના ધરણામાં જોડાશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચમાં મળવા પાત્ર લાભો તેમજ અન્ય પ્રશ્નો અંગે સરકારમાં વારંવાર રજૂઆત કરવામાં આવી છે. રાજય સરકારના કર્મચારીગણે એક સાથે તમામ લાભો આપવા બોર્ડ નિગમના કર્મચારીઓ સાથે ભેદભાવભર્યુ વલણ અપનાવી છઠ્ઠા પગાર પંચના લાભો આપેલ નથી. ગુજરાત રાજય સંકલન સમિતિ દ્વારા દિલ્હી ખાતે રાખેલ ધરણામાં બોર્ડ-નિગમ સરકારી સાહસોના મહામંડળે પણ જોડાઈ સંકલન સમિતિને ટેકો આપી મહામંડળના હોદ્દેદારો તા. ૨૬મી જૂનના રોજ દિલ્હી ખાતે ધરણામાં જોડાશે.

# ફાયર ક્ષેત્રના આઈઆઈટી અભ્યાસક્રમોમાં પ્રવેશ શરૂ

કારકિર્દીના એક આકર્ષક વિકલ્પ તરીકે ઝડપી ઉભરી રહેલા ફાયર ક્ષેત્રના આઈટીઆઈ અભ્યાસક્રમો ધો.૧૦ પછી વિદ્યાર્થીઓને કારકિર્દી અને રોજગારીની શ્રેષ્ઠ તક પુરી પાડે છે. ગુજરાતમાં અમદાવાદ જિલ્લા સાણંદ તાલુકાના ખોડા ગામે આવેલી કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી (સીએફટી)માં ગુજરાત સરકારની માન્યતા પ્રાપ્ત આઈટીઆઈ (ફાયરમેન) અને આઈટીઆઈ (ઈન્ડસ્ટ્રીયલ સેફટી, ફાયરમેનશીપ અને ઈમર્જિંગ સર્વિસીસ)ના અભ્યાસક્રમોનો આરંભ થઈ રહ્યો છે. ૧૦૦ ટકા પ્લેસમેન્ટનો રેકોર્ડ ધરાવતા આ અભ્યાસક્રમોમાં ધો.૧૦ પછી પ્રવેશ મળી શકે છે. પ્રવેશ પ્રક્રિયા માટે સંસ્થાની વેબસાઈટ www.collegeoffiretechnology.com ની મુલાકાત પણ લઈ શકાય છે.